# જેએમપી ગોપાલક વિદ્યાસંકુલમાં ફાયર સેફ્ટી તાલીમ




જે એમ પી ગોપાલક વિદ્યા સંકુલ ખાતે તાજેતરમાં ફાયર સેફ્ટીની તાલીમ વિદ્યાર્થીઓ-અધ્યાપકોને આપવામાં આવી હતી. અધ્યાપકો પાસે રેસ્ક્યૂ અંગેનું પ્રાયોગિક કાર્ય પણ કરાવવામાં આવ્યું હતું તથા આપાતકાલીન પરિસ્થિતિમાં કેવી રીતે વર્તવું, કઈ કઈ સાવધાનીઓ રાખવી તે અંગે ઉંડાણપૂર્વક માહિતી પણ આપવામાં આવી હતી. સમગ્ર શાળા પરિવારે ઉત્સાહથી આ ઉપક્રમમાં ભાગ લીધો હતો.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા


# રીટેલ મેનેજમેન્ટ કોર્સની દ્વિતીય બૅચ સંપન્ન




ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) દ્વારા ધો.૧૨ ઉતીર્ણ વિદ્યાર્થીઓ માટે ૨ મહિનાનો રીટેલ મેનેજમેન્ટ વિષયક સર્ટીફીકેટ કોર્સ શરુ કરવામાં આવ્યો છે. જેની દ્વિતીય બેચ સમાપ્ત કરનારા ૪૦ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવા એક સમારોહનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને આ ઉત્કૃષ્ટ તાલીમ મેળવી તેઓ તેમના વ્યવસાયિક જીવનમાં તેનો ઉપયોગ કરે તેવી શુભકામના પાઠવવામાં આવી હતી. કાર્યક્રમ નું સંકલન કોર્સના સંયોજક પ્રો. મેથ્યુ જ્હોન દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ માટે કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, ડો.જયેશ તન્ના, પ્રો.મેથ્યુ જ્હોન દ્વારા સંપૂર્ણ જવાબદારી સંભાળવામાં આવી હતી.

# આત્મન ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઉત્થાન યજ્ઞ


ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળાઓમાં આત્મન ફાઉન્ડેશન દ્વારા વિવિધ સ્પર્ધાઓ યોજી બાળકોને પ્રોત્સાહિત કરાયા

આત્મન ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરની વિવિધ સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા એક ઝુંબેશ રૂપે પ્રવૃત્તિઓ કરવામાં આવી. બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ ખીલે, મૌલિક રીતે લખતા-વાંચતા થાય, આત્મવિશ્વાસથી બોલતાં થાય, અભિવ્યક્તિ કરતા થાય એ હેતુથી સરકારી શાળાઓમાં જુદી જુદી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. તાજેતરમાં સંસ્થા દ્વારા સેક્ટર - ૬, સેક્ટર - ૧૩/૧ અને સે.૧૩/૨, સેક્ટર - ૨, સેક્ટર - ૨૪/૧ અને ૨૪/૨, સેક્ટર -૨૮/૧ અને ૨૮/૨ તથા આદર્શ નિવાસી શાળા (અ.જા., કુમાર) સેક્ટર - ૮માં શીઘ્ર વકતૃત્વ, નિબંધ, ચિત્ર, પત્ર લેખન, સુલેખન અને સામાન્ય જ્ઞાનની ચકાસણી જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો, સારો દેખાવ કરનારને પ્રોત્સાહન ઈનામ અને ભાગ લેનાર વર્ગના તમામ બાળકોને બોલપેન, પેન્સિલ, રબર, શાર્પનર જેવી ભેટ આપી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા નગરની લગભગ ૧૩ જેટલી શાળાઓમાં આ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. સંસ્થાના સહયોગી ભરત કવિ, પ્રજ્ઞાબેન પટેલ, જયશ્રીબેન ખેતિયા, એચ. બી. વરિયા, દિવ્યાબેન વરિયા, અશોકભાઈ ત્રિવેદી, કિન્નરીબેન ત્રિવેદી, સંજય થોરાત, રમણભાઈ વાઘેલા, રાજેન્દ્રભાઈ સુથાર, પ્રેમિલાબેન સુથાર વગેરેએ આયોજનમાં જોડાઈ બાળકોને ખૂબ પ્રેરણા પૂરી પાડી હતી. શાળાના આચાર્ય માયાબેન પટેલ, જશોદાબેન ચૌહાણ, જી. કે. સોલંકી, રાજેશભાઈ સોની, અરુણાબેન નાયક, હિમાંશુ પંડ્યા, વિપુલભાઈ બ્રહ્મભટ્ટ, અરુણભાઈ પટેલ, પ્રકાશભાઈ પટેલ, રીટાબેન વિહોલ અને તમામ શાળાઓના શિક્ષકોએ ખૂબ સરસ સહકાર આપ્યો હતો.

# જી.ટી.યુ. દ્વારા બીઓજી આગામી દિવસોમાં યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી દ્વારા બીઓજીની બેઠક મુલતવી રાખવાનો નિર્ણય કરાયા બાદ લાંબા સમય સુધી આ મુદ્દે સત્તાધીશો કોઈ ખુલાસો કરવા તૈયાર થયા નહોતા. છેવટે એવી સ્પષ્ટતા કરવામાં આવી કે, રૂટિન કાર્યવાહીમાં બજેટ પસાર કરી દેવામાં આવતાં બેઠક બોલાવવામાં આવી નહોતી. હવે આગામી દિવસોમાં બીઓજીની બેઠક બોલાવીને પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. જ્યારે સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવાની પ્રક્રિયા અંગે પણ હાલમાં કોઈ નિર્ણય થઈ શકે તેમ નથી. ગુજરાત યુનિવર્સિટીને ચૂંટણી પંચ દ્વારા કોઈપણ પ્રકારની જાહેરાત ન કરવાની શરતે સેનેટની બેઠક કરવાની મંજૂરી આપી હતી. ચૂંટણીપંચે જીટીયુને બીઓજીની બેઠક કરવા કે ન કરવા અંગે કોઈ સૂચના આપી ન હોવા છતાં આગલા દિવસે કુલપતિએ બેઠક ન બોલાવવાનો નિર્ણય જાહેર કરી દીધો હતો. એટલું જ નહીં, કયા કારણોસર બેઠક રદ કરવામાં આવી તે અંગે કોઈ સત્તાવાર સ્પષ્ટતા પણ કરવામાં આવી નહોતી. હવે સત્તાધીશો દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે, માત્ર બજેટ પસાર કરવાનું હોવાથી તેને સરક્યુલેશન કરીને કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. ચૂંટણી પંચે ગુજરાત યુનિ.ને પણ વિશેષ જાહેરાત કરવાની મનાઈ ફરમાવી હતી આ સ્થિતિમાં જીટીયુને પણ આ પ્રકારની મનાઈ ફરમાવશે તેવું માનીને આગોતરી કાર્યવાહી કરવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ કે ખરેખર બેઠક બંધ રાખવા માટે કોઈ વિશેષ કારણ નહોતું. હવે આગામી દિવસોમાં ફરીવાર બીઓજીની બેઠક બોલાવવામાં આવશે. હમણાં બીઓજીની બેઠક બોલાવવામાં આવે તો સેમેસ્ટર, ડિટેન્શન પોલિસી સહિતના મુદ્દે વિદ્યાર્થીઓએ હોબાળો કરવાની ચીમકી આપી હતી. ચૂંટણી માથા પર છે ત્યારે જો વિદ્યાર્થીઓના પ્રશ્ને હોબાળો થાય તો મોટી મુશ્કેલી ઊભી થાય તેમ હોવાથી આ બેઠક બંધ રાખવામાં આવી હોવાનુ પણ માનવામાં આવે છે. વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે સત્તાધીશોએ એવી બાંહેધરી આપી છે કે, બીઓજી ન મળે તો પણ આગામી દિવસોમાં યુનિવર્સિટીમાં એકેડેમિક કાઉન્સિલની બેઠક બોલાવીને ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાંથી સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવા અંગેનો નિર્ણય કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# સત્સંગ, સંસ્કાર અને ધર્મ મનુષ્યજીવનને શોભાવે છે



ગાંધીનગર, તા. ૩

શ્રી સ્વામીનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, મોખાસણ (કલોલ)ના ૨૯મા પાટોત્સવ અંતર્ગત પક્ષીઓ માટે હજારો કિલો ચણ તથા મોટા જથ્થામાં પશુઓ માટે ઘાસનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ત્રિદિવસીય સંસ્કાર જાગૃતિ શિબિર અંતર્ગત વિવિધ કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવ્યા હતા.

આચાર્ય મહારાજે આશીર્વાદમાં જણાવ્યું હતું કે ભગવાન અને સત્પુરુષના સમાગમથી સ્નેહ, સંપ અને એકતા સાધી શકાય છે.

જીવાત્માના વિકાસ માટે અહં મમત્વનો ત્યાગ કરવો જરૂરી છે. વ્યસનોની વણથંભી વણઝાર આજના નવયુવાધનને અધોગતિના પંથે દોરે છે. માટે તેનાથી સચેત રહેવા તેમણે હાકલ કરી હતી. સત્સંગ, સંસ્કાર અને ધર્મ મનુષ્યજીવનને શોભાયમાન કરે છે. આ શિબિરનો લાભ લેવા માટે માનવસમૂહ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

# ત્રિપદા ગાયત્રી સંસ્થાન દ્વારા 'સાહિત્યકારને પુરસ્કાર' કાર્યક્રમ






મંગળવારે આત્મા હૉલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે ત્રિપદા ગાયત્રી સંસ્થાન દ્વારા ડૉ. મુકુન્દ ઠાકરના અધ્યક્ષસ્થાને સાહિત્યકારને પુરસ્કારવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે લોકપ્રિય વક્તા અને લેખક જય વસાવડાને 'વાગ્દેવી પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યાં. મુખ્ય અતિથિ તરીકે અજય ઉમટ અને સારસ્વત અતિથિ તરીકે ભાગ્યેશ જહાની ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર કાર્યક્મનું સંચાલન કવયિત્રીશ્રી પ્રાર્થના જહાએ કર્યુ હતું. આયોજક રમાબેન ઠાકર જણાવ્યું હતું કે 'વાગ્દેવી પુરસ્કાર' હવેથી દર વર્ષે અપાશે. આ પ્રસંગને માણવા સાહિત્યકારો, સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જન્મદિને વધામણી



**અરૂણભાઈ બુચ**
પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મંડળ
ફોન : ૨૩૨ ૬૦૩૭૦



**નારણભાઈ ચુડાસમા**
મો. ૯૭૨૬૯ ૮૨૪૯૧



**પાર્થ પટેલ**
રાધે રાધે ગૃપ



**આદિલહુસેન આઈ સૈયદ**



**હરિત પટેલ**
રાધે રાધે ગૃપ



**કિઆન વાંકાણી**



**કૌશિક પ્રજાપતિ**
રાધે રાધે ગૃપ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ઐક્યની ઝંખના

॥ ચોથો મણકો ॥




ન આવવાનાં કારણોમાં મજબૂત કારાણ એ હતું કે, તેમાં લોકમાન્ય તિલક, મિસિસ બેસંટ અને અલીભાઈઓને નિમંત્રણ નહોતું. એમને હું લોકોના બહુ શક્તિશાળી નાયક ગણું છું. મને તો લાગે છે કે , તેમને નિમંત્રણ ન આપવમાં સરકારે ગંભીર ભૂલ કરી છે, અને હું હજુ સૂચવું છું કે પ્રાંતિક પરિષદો ભરવામાં આવે તેમાં તેમને નિમંત્રણ મોકલાય. મરો નમ્ર અભિપ્રાય છે કે, આવ પ્રૌઢ નાયકોને, તેઓની સાથે ગમે તેવો મતભેદ હોય છતાં, કોઈ સલ્તનત અવગણી શકે નહીં. આસ્થિતિમાં હું સભાની સમિતિઓમાં હાજર ન રહી શક્યો અને સભામાં ટેકો આપીને સંતિષ્ટ રહ્યો. સરકારને કરેળી સૂચના કબૂલ થાય કે તુરત મારા ટેકાની અમલ કરવાની હું આશા રાખું છું. જે સલ્તનતમાં ભવિષ્યમાં અમે સંપૂર્ણતાએ ભાગીદાર થવાની આશા રાખીએ છીએ તેમાં તેને આપત્તિકાળે પૂરી મદદ દેવાનો અમારો ધર્મ છે. પણ મારે એમ તો કહેવું જોઈએ કે, તેની સાથે એ આશા રહેલી છે કે એ મદાને લીધે અમારા ધ્યેયને અમે વહેલા પહોંચી વળશું. તેથી લોકોને આટલું માનવાનો અધિકાર છે કે, જે સુધારાઓ તુરતમામ્ થવાની આશાઅ આપના ભાષણમાં આપવામાં આવેલી છે, તે સુધારામાં મહાસભા અને મુસ્લીમ લીગની મુખ્ય મગણીઓનો સમાવેશ થશે. મારાથી બની શકતું હોર તો હું આવે ટાણે હોમરૂલ વગેરેનું ઉચ્ચારણ સરખું ન કરત. પણ સામ્રાજ્યની અણીને વખતે બધા શક્તિશાલી હિંદીઓને તેના રક્ષણને અર્થે મૂંગે મોઢે હોમાઈ પ્રેરત, એટલું કરવાથી જ અમે સામ્રાજ્યના મોટામાં મોટા અને આદરનેય ભાગીદાર બની જાત.

પણ શિક્ષિત વર્ગે એથી ઓછો અસરકારક માર્ગ લીધો છે. જનસમાજમાં એની વગ ઘણી છે. હું હિંદુસ્તાનમાં આવ્યો છું ત્યારથી જજનસમાજન ગાઢ સંબંધોમાં આવતો રહ્યો છું. અને હું આપને જણાવવા ઈચ્છું છું કે, હોમરૂલની ધગશ તેનામાં પેઠી છે. હોમરૂલ વિના લોકોને કદી સંતોષ થવાનો નથી. તેઓ સમજે છે કે હોમરૂલ મેળવવાને સારુ જેટલો ભોગ અપાય છે તેટલો ઓછો છે. તેથી જોકે સામ્રાજ્યને સારુજેટલા સ્વયંસેવકો આપી શકાય તેરલા આપવા જોઈએ, પન આર્થિક મદદને વિશે હું એમ નથી કહી શકતો. લોકોની સ્થિતિને જાનીને હુમ્ એમ કહી શકું છુંકે હિંદુસ્તાન જે મદદ આપી ચૂક્યું છે તે તેના ગજા ઉપરવટ છે. પણ હું આટલુંસમજું છું કે, સભામાં જેમણે ટેકો આપ્યો છે તેમણે મરણ પર્યંત મદદ આપવાનો નિશ્ચય કર્યો છે. પણ અમારી સ્થિતિ કફોડી છે. અમે કંઈ એક પેઢીના ભાગીદાર નથી. અમારી મદદનો પાય્પ્ ભવિષ્યની આશા ઉપર બંધાયેલો છે, અને એ આશા કઈ છે એ જરા વિશેષે કહેવાની જરૂર છે. હું સાટું કરવા નથી ઈચ્છતો. પણ મારે આટલુ તો કહેવું જ જોઈએ કે, તેને વિષે નિરાશા ઉપજે તો સામ્રાજ્યને વિષેની આજલગીની માન્યતા ભ્રમણાગણાશે. આપે ઘરના કંકાસ ભૂલી જવાનું સૂચવ્યું છે; તેનો અર્થ જો એમ હોય કે જુલમો અને અમલદારોના અપકૃત્યો સહન કરવાં, તો એ અસંભવિત છે. સંગઠિત જુલમની સામે બધું બળ વાપરવું હું એ ધર્મ સમજું છું. તેથી અમલદારોને આપે સૂચવવું ઘટે કે છે કે એક પણ જીવને તેઓ ન અવગણેઅને પૂર્વે નથી આપેલું એટલું માન લોકમતને આપે. ચંપારણમામ્ સૈકાના જુલમની સામે થતાં બ્રિટિશ ન્યાયનુંસર્વોપરી પણું મે સિદ્ધ કરી બતાવ્યું છે. ખેડાની રૈયતે જોઈ લીધું છે કે, જ્યારે તેનામાં સત્યને સારુ દુઃખ વેઠવાની શક્તિ હોય ત્યારે ખરી સત્તા રાજ્યસત્તા નથી પણ લોકસત્તા છે; અને તેથી જે સલ્તનતને તે પ્રજા શાપ આપતી હતીતી તેને વિષે તેમની કડવાશ ઓછી થઈ છે, અને જે રાજ્યસત્તાએ સવિનય કાનૂન ભંગને સહન કરી લીધો તે સત્તા લોકમતને છેક અવગણનારી નહીં હોય એવી તેની ખાતરી થઈ છે. તેથી મારી માન્યતા એવી છે કે, ચંપારણ અને ખેડામાં મેં જે કામ કર્યું તે આ પડાઈ પરત્વેની મારી સેવા છે. એવી જાતનું મારું કામ બંધ કરવનું જો અમ્ને કહો તો મારો શ્વાસ રૂંધવાનું આપે કહ્યું એમ હું માનું. જો આત્મબળને એટલે પ્રેમબળને, શસ્ત્ર બળને બદલે લોકપ્રિય કરી મૂકવામાં હું સફળ થાઉં, તો હું જાણું છુ, કે હિંદુસ્તાન આખા જગતની કરડી નજર થય તો તેની સામે પણ ઝૂઝી શકે છે.તેથી દરેક વખતે આ દુઃખ સહન કરવાનીસનાતન નીતિ મારા જીવનમાં વણવાને સારુ હું મારા આત્માને કસ્યા અક્રીશ, અને એ નીતિનો સ્વીકાર કરવા બીજાઓને નોતર્યા કરીશ; અને જો હું કોઈ બીજી પ્રવૃત્તિમાં ભાગ લઉં છું તો તેનો હેતુ પણ મત્ર એ જ નીતિની અદ્વિતીય ઉત્તમતા સિદ્ધ કરવાને સારુ છે. (ક્રમશઃ)

- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર